## આહવા આકાશવાણી કેન્દ્ર નજીક દીપડો દેખાતા ભયનો માહોલ




આહવા ખાતે આકાશવાણી કેન્દ્ર નજીક દીપડાની લટારનો એક વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સ્થાનિકોમાં ચિંતા અને ભયનો માહોલ સર્જાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શિકારની શોધમાં નીકળેલો દીપડો રહેણાંક વિસ્તાર સુધી પહોંચી ગયો હોવાનું વિડીયોમાં જોવા મળી રહ્યું છે. દીપડાની અવરજવરથી આસપાસના રહેવાસીઓમાં દહેશત ફેલાઈ છે અને લોકો સતર્ક બની ગયા છે. ઘટનાની જાણ સ્થાનિક લોકોએ તાત્કાલિક વન વિભાગને કરી હતી. માહિતી મળતા જ ડાંગ વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી સ્થિતિનું નિરીક્ષણ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.ડાંગ વન વિભાગે સ્થાનિક લોકોને સાવચેતી રાખવા, રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા અપીલ કરી છે.

# સરીગામમાં વાયુ પ્રદૂષણ: શ્વાસ લેવાની તકલીફની ફરિયાદો

**કોઈક** કંપની દ્વારા વરસાદની આડમાં ગેસ પ્રદૂષણ ફેલાવાઈ રહ્યાની સ્થાનિકોમાં આશંકા

ઉમરગામ: સરીગામમા વાયુ પ્રદૂષણથી આંખમાં બળતરા શ્વાસ લેવામાં તકલીફ થઈ હોવાની ફરિયાદો ઊઠવા પામી છે. અગ્રણીઓએ ચિંતા વ્યક્ત કરી GPCBને તપાસ માટે ફરિયાદ કરી છે.




પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના સરીગામ ઔદ્યોગિક વિસ્તારમાં નાની મોટી અનેક કેમિકલ કંપનીઓ આવેલી છે. વર્ષોથી સરીગામ કરજગામ માંડા અણગામ સહિત આજુબાજુના ગામના લોકો હવા વાયુ પાણી પ્રદૂષણને લઈને ભારે પરેશાની વેઠી રહ્યા છે. શુક્રવારે સાંજના રાતના સમયે સરીગામ ફણસા રોડ ઉપર વાયુ પ્રદૂષણ જોવા મળ્યું હતું. વાયુ પ્રદુષણ ગાઢ ધુમ્મસથી અત્રેથી પસાર થતાં લોકો હાલાકી વેઠતા જોવા મળ્યા હતા. કોઈક કંપની દ્વારા વરસાદની આડમાં વાયુ પ્રદૂષણ, ગેસ પ્રદૂષણ ફેલાવાઈ રહ્યાની આશંકા સ્થાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ વાયુ પ્રદૂષણથી લોકોને આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ તથા સ્કીન ઉપર પણ અસર થતી હોવાનું જાણવા મળી રહ્યું છે.

સમગ્ર બાબતે સરીગામના અગ્રણી તાલુકા પંચાયતના સભ્ય રાકેશ રાયએ વાયુ પ્રદૂષણ માનવ સ્વાસ્થય અને પર્યાવરણ માટે ખૂબ જ ગંભીર બાબત હોય ચિંતા વ્યક્ત કરી GPCBને જાણ કરી સમગ્ર હકીકત શું છે તે બાબતે તપાસ કરવા અને જવાબદારો સામે પગલાં લેવામાં આવે તેવી માંગ કરી છે.

# ગંગલી ખાડી પરના દબાણથી દુકાનોમાં પાણી ભરાયાના આક્ષેપ

**એપાર્ટમેન્ટના** કારણે પાણી ઘૂસ્યા હોવાનો દુકાનદારોનો આક્રોશ, પાલિકા સામે સવાલો ઊઠ્યા

વલસાડ: વલસાડમાં શુક્રવારે આવેલા ભારે વરસાદના કારણે વલસાડના એમજી રોડ અને નાની ખત્રીવાડની કેટલીક દુકાનોમાં પાણી ભરાઈ ગયા હતા. જેને લઈ તેમને ઘણું નુકસાન થયું હતું. આ પાણીનો ભરાવો ગંગલી ખાડી પર બનાવાયેલા સ્લેબ અને એપાર્ટમેન્ટના કારણે થયો હોવાનો આક્રોષ તેમણે ઠાલવ્યો હતો.

વલસાડમાં શુક્રવારે આવેલા ભારે વરસાદ બાદ નાની ખત્રીવાડ અને એમજી રોડના દુકાનદારો સાંજે દુકાન બંધ કર્યા પછી એકત્ર થયા હતા. તેમણે ગંગલી ખાડી પર બનેલા ગેરકાયદે એપાર્ટમેન્ટ અને તેમને લાભ કરાવવા માટે પાલિકા દ્વારા એક વખત તોડાયેલા સ્લેબને ફરીથી બનાવવી દેવાની નીતિ રીતિ સામે રોષ ઠાલવ્યો હતો. ગંગલી ખાડી વરસાદી પાણીના નિકાલ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. તેના પર બનાવાયેલા સ્લેબના કારણે અહીંની દુકાનોમાં પાણી ભરાયા હતા. તેમજ તેમણે નાની મોટી નુકસાની વેઠવી પડી હતી.

જે અંગે તેમણે એકત્ર થઈ પાલિકા સામે રોષ ઠાલવ્યો હતો. જેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. તેઓ એકત્ર થતાં આરોગ્ય ચેરમેન હિતેષ ભંડારી પણ પાલિકા વતી તેમની સામે આવ્યા હતા.

જોકે, તેમણે પાલિકાની નીતિનો બચાવ કરી દુકાનદારો દ્વારા જ તેમની દુકાન બહારની ગટર પર થયેલા દબાણોની વાત કહી હતી. જોકે, ગંગલી ખાડીનો પ્રશ્ન જેમનો તેમ રહ્યો હતો.

દર વખતે ચોમાસા દરમિયાન અહીં પાણીનો ભરાવો થતો રહેતો હોય છે, પરંતુ હજુ સુધી આ પ્રશ્ન હજુ હલ થઈ શક્યો નથી.

છેલ્લા કેટલાય વર્ષોથી વલસાડ પાલિકા પર ભાજપનું શાસન છે. તેમ છતાં તેઓ આ સમસ્યાના નિવારણ માટે નિષ્ફળ નિવડ્યા છે. દર વર્ષે તેમની કામગીરી બદતર થતી રહે છે અને તેનો ભોગ વલસાડની જનતા બની રહી છે.

# સર્પગંગા તળાવમાં યુવકની છલાંગ , પોલીસે કસ્ટીમાં લીધો

**ચાલુ** બોટિંગનો સ્ટંટનો વિડીયો વાયરલ, ગંભીર બેદરકારીને લઈ અનેક સવાલ

સાપુતારા: વડોદરાની હરણી લેક દુર્ઘટના બાદ રાજ્ય સરકારની કડક ગાઇડલાઇન છતાં ડાંગના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે સુરક્ષાના લીરેલીરા ઉડતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. ચોમાસાની સિઝનને પગલે પ્રવાસીઓની સુરક્ષા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જળાશયો નજીક જવા પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પડાયું છે, તે જ દિવસે આ નિયમો હવામાં ઓગળી ગયા હતા.




માહિતી મુજબ, મહારાષ્ટ્રથી સાપુતારા ફરવા આવેલો એક પરિવાર સર્પગંગા તળાવમાં બોટિંગની મજા માણી રહ્યો હતો.ચોમાસાના માહોલ વચ્ચે તળાવની આસપાસ ગાઢ ધુમ્મસ છવાયેલું હતુ. આ ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે ચાલુ બોટિંગ દરમિયાન પરિવારના એક યુવકે અચાનક જ તળાવના ઊંડા પાણીમાં કૂદકો મારી દીધો હતો.જોખમી સ્ટંટ કર્યા બાદ તે યુવક ફરી પાછો બોટમાં ચડી પણ ગયો હતો. ગાઢ ધુમ્મસ અને ઊંડા પાણી વચ્ચે યુવકના આ બેદરકારીભર્યા કૃત્યને જોઈને આસપાસના લોકોમાં ભારે ચકચાર મચી ગઈ હતી.ત્યાં હાજર અન્ય પ્રવાસીઓએ આ સમગ્ર ઘટના પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી. આ બેદરકારીભર્યા કૃત્યનો વિડીયો અન્ય પ્રવાસીઓએ મોબાઈલમાં કેદ કરતાં તે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ઘટનાની જાણ થતાં જ સાપુતારા પોલીસે તાત્કાલિક દોડી જઈ કલેક્ટરના જાહેરનામાના ભંગ બદલ યુવકને કસ્ટડીમાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, અગાઉ પણ અહીં સ્ટંટના વીડિયો વાયરલ થયા હતા.

# નકલી ગન લાઈસન્સના કેસમાં બેને ૩ વર્ષની કેદ

**આર્મ્સ** એક્ટ હેઠળ ૧ વર્ષની સાદી કેદ

વાપી: ૨ જૂન ૨૦૨૨ના રોજ વલસાડ એ સ.ઓ.જી. પોલીસે સિક્યુ રિટી ગાર્ડના યુનિફોર્મ અને હથિયારો સાથે બે શખ્સને જે નાની દમણ રહેતા રવિશંકર પ્રહલાદસિંહ પાલ (મબળ રહે. ઓરૈયા, યુપી) અને રામવીરસિંહ શોભારામ યાદવ (મૂળ રહે,. મેનપુરી, યુપી)ની અટકાયત કરવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન આરોપી રવિશંકરના આધાર કાર્ડમાં માત્ર ૧૧ વર્ષની ઉંમરે લાઈસન્સ મેળવ્યું હોવાનું સામે આવતા લાઈસન્સ નકલી હોવાનું સાબિત થયું હતું. તેવી જ રીતે બીજા આરોપી રામવીરસિંહ પાસેથી મળેલા લાઈસન્સમાં કાયદેસરનો યુઆઈએન (UIN) નંબર ન હતો.

આરોપીઓ આ નકલી લાઈસન્સને અસલી તરીકે ગણાવી પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીમાં ગનમેન તરીકે નોકરી કરતાં હતા. વાપીની કોર્ટે સરકારી વકીલ એમ.ટી. પાડવીની દલીલો અને દસ્તાવેજી પુરાવાઓને ગ્રાહ્ય રાખ્યા હતા. વાપીના સેકન્ડ એડિશનલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ એમ.એસ.લોહિયાએ તકસીરવાન ઠેરવી ૩ વર્ષની સાદી કેદની સજા તેમજ દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે. આ ઉપરાંત આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧-બી)એ હેઠળ ૧ વર્ષની સાદી કેદ અને રૂ. ૨,૦૦૦ ના દંડની સજાનો હુકમ કર્યો હતો. આ બંને સજાઓ એકસાથે ભોગવવાની રહેશે અને દંડ ન ભરે તો વધુ ૧ માસની સાદી કેદ ભોગવવી પડશે.

# ઉમરગામમાં કંપનીમાં કામદારો વધુ બતાવી 34.17 લાખની ઠગાઈ

**કંપનીના** HR મેનેજર અને લેબર કોન્ટ્રાક્ટરના સુપરવાઇઝર સામે ગુનો નોંધાયો

ઉમરગામ: ઉમરગામમાં કંપનીના HR મેનેજરે લેબર કોન્ટ્રાક્ટરના સુપરવાઈઝર સાથે મળીને કંપની સાથે રૂપિયા 34,17,381 ની છેતરપિંડી કરી હતી. કંપનીમાં કામ કરવા આવતા લેબરોની સંખ્યા કરતાં વધુ લેબરોની સંખ્યા બતાવી પગાર બિલો બનાવી કંપની સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવતા પોલીસમાં ફરિયાદ દાખલ થઈ છે.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ ન્યુ જીઆઈડીસીમાં તત્વ એન્ટરપ્રાઈઝ એલએલપી નામની કંપની પ્લાસ્ટિકની થેલીઓ તથા પેકેજીંગ મટીરિયલનુ ઉત્પાદન કરે છે. આ કંપનીમાં કામ કરતાં જનરલ મેનેજર ઝંખના રાકેશભાઈ મિસ્ત્રી (રહે., ઉમરગામ)પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તેમની કંપનીમાં એચઆર મેનેજર તરીકે કામ કરતાં આકાશ રાજેશ સિંગ (રહે., ઉમરગામ, આલાપ હાઈટ) તથા લેબર કોન્ટ્રાક્ટ જય મહાકાલ એન્ટરપ્રાઈઝના સુપરવાઈઝર મોહિતસિંગ રાજાસિંગ યાદવ (રહે., ગુઢો, છત્રપુર) બંને જણાએ એકબીજાની મદદગારી કરીને કંપનીમાં કામ કરવા આવતા લેબરોની સંખ્યા કરતાં વધુ લેબોરોની સંખ્યા પગાર બિલોમાં દર્શાવી ખોટા ઈલેક્ટ્રોનિક બિલ, ખોટા પગારના બિલો બનાવી કંપનીના એકાઉન્ટમાંથી જય મહાકાલ એન્ટરપ્રાઈઝના એકાઉન્ટમાં વધારાના નાણાં જમા કરાવી દીધા હતા. તે નાણા તેમના પરિવારના સભ્યો તથા મિત્રોના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી કંપનીને મોટું આર્થિક રૂપિયા 34,17,381નું નુકસાન કર્યું છે. કંપનીમા લેબરો વધુ હોવા છતાં પ્રોડક્શન ઓછું થતું હોય કંપની સંચાલકોને શંકા જતાં તપાસ કરતાં સમગ્ર બાબત બહાર આવી હતી. આ બનાવ અંગે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વલસાડ વજીફદાર મહોલ્લાની જર્જરિત બિલ્ડિંગ જીવનું જોખમ બની

વલસાડ: વલસાડ વજીફદાર મહોલ્લામાં આવેલું એક બિલ્ડિંગ અત્યંત જર્જરિત થઈ ગયું છે. જેના નાના મોટા સ્લેબ તૂટી રહ્યા છે. જેના કારણે સ્થાનિકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. સ્લેબના તૂકડા અહીંથી અવર-જવર કરતાં લોકો પર પડે એવી દહેશત વચ્ચે એક પત્થર એક વાહનચાલક પર પડતાં મામલો ગરમાયો હતો. આજરોજ અહીના સ્થાનિકોએ એકત્ર થઈ તેનો વિરોધ કર્યો હતો. આ બિલ્ડિંગ નાનકવાડા ગ્રામ પંચાયત હેઠળ આવે છે. પંચાયત દ્વારા બિલ્ડિંગને અવાર-નવાર નોટિસ પણ અપાઈ હતી. તેમ છતાં એપાર્ટમેન્ટ તેમનું તેમ છે. તેની સામે કોઈ પગલાં ભરાયા નથી. પંચાયતે પણ નોટિસ આપી હાથ ઊંચા કરી દીધા હતા.

# દમણ-દીવને ફૂડ પ્રોસેસિંગ, સી-ફૂડ નિકાસનું રાષ્ટ્રીય હબ બનાવવાની તૈયારી

**સાંસદ** ઉમેશ પટેલે કેન્દ્ર સરકાર સમક્ષ વિકાસના 10 મુદ્દાનો રોડમેપ રજૂ કર્યો




દમણ: દમણમાં ભારત સરકારના ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય (MOFPI) ના સહયોગથી ફૂડ પ્રોસેસિંગ, નિકાસ અને ઉદ્યોગસાહસિકતા પરિષદ - 2026નું આયોજન ભેંસલોર ચાર રસ્તા પાસે આવેલ કોળી પટેલ સમાજના હોલમાં યોજાયું હતું. આ પરિષદમાં સાંસદ ઉમેશભાઈ પટેલ સાથે દમણ ઈન્ડસ્ટ્રિયલ એસોસિયેશનના અધ્યક્ષ, MOFPI, NABARD, APEDA સહિત વિવિધ કેન્દ્રીય સંસ્થાઓના અધિકારીઓ તથા ખેડૂતો, માછીમારો, મહિલા સ્વ સહાય જૂથો, MSME ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપ્સ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

સાંસદ ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, માત્ર ઉત્પાદન નહીં પરંતુ વેલ્યુ એડિશન, આધુનિક પ્રોસેસિંગ, બ્રાન્ડિંગ અને નિકાસ દ્વારા ખેડૂતો, માછીમારો અને નાના ઉદ્યોગકારોની આવકમાં વધારો શક્ય છે. તેમણે ખેડૂતોને ખેતીને પ્રોસેસિંગ ઉદ્યોગ સાથે જોડવા, મહિલા SHG ને સ્થાનિક ઉત્પાદનોની બ્રાન્ડિંગ કરવા અને યુવાનોને રોજગાર શોધવાને બદલે ઉદ્યોગસાહસિકતા અપનાવવા અપીલ કરી હતી. માછીમારો માટે ફિશ પ્રોસેસિંગ, કોલ્ડ ચેઈન, આધુનિક આઈસ પ્લાન્ટ, રેડી ટુ કુક, રેડી ટુ ઈટ, ડ્રાય ફિશ અને પ્રોન્સ પ્રોસેસિંગ તેમજ સી ફૂડ નિકાસને ભવિષ્યની દિશા ગણાવી હતી. આ પ્રસંગે તેમણે કેન્દ્ર સરકાર સમક્ષ 10 મુદ્દાનો વિકાસ પ્રસ્તાવ રજૂ કરતાં દમણ-દીવને ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટર, સી-ફૂડ એક્સપોર્ટ હબ, કોમન ફૂડ પ્રોસેસિંગ અને પેકેજિંગ સેન્ટર, સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેશન સેન્ટર, મહિલા SHG માટે વિશેષ સહાય, ODOP હેઠળ સ્થાનિક ઉત્પાદનોને પ્રાધાન્ય, વર્ષભર તાલીમ કાર્યક્રમો, ખેડૂત-માછીમાર ઉત્પાદક સંસ્થાઓને પ્રોત્સાહન, આધુનિક કોલ્ડ ચેઈન નેટવર્ક અને દમણ દીવ ફૂડ પ્રોસેસિંગ વિઝન-2030 તૈયાર કરવાની માંગ કરી હતી.

સાંસદે વધુમાં જણાવ્યું હતું કે દમણ-દીવ પાસે દરિયાઈ સંપત્તિ, કૃષિ, ઉદ્યોગ, બંદર અને પરિવહનની મજબૂત સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી પ્રદેશને પશ્ચિમ ભારતના અગ્રણી ફૂડ પ્રોસેસિંગ, સી ફૂડ નિકાસ અને ઉદ્યોગસાહસિકતા કેન્દ્ર તરીકે વિકસાવી શકાય એમ છે. જેનાથી રોકાણ તો વધશે જ સાથે ખેડૂતો, માછીમારો, મહિલાઓ તથા યુવાનો માટા રોજગાર નવી મોટી તકોનું નિર્માણ પણ થશે.

# મહેસૂલી કામગીરીમાંથી તલાટીઓને મુક્ત કરો

**ડાંગ** જિલ્લા તલાટી-કમ-મંત્રી મંડળે આવેદનપત્ર આપી રજૂઆત કરી

સાપુતારા: ડાંગ જિલ્લા તલાટી-કમ-મંત્રી મંડળ દ્વારા જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી તલાટી-કમ-મંત્રીઓને મહેસૂલી કામગીરીમાંથી મુક્ત કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકાર દ્વારા તલાટી-કમ-મંત્રીઓને પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ ઉપરાંત મહેસૂલ વિભાગ સહિત અન્ય અનેક વિભાગોની કામગીરી સોંપવામાં આવી રહી છે. જેના કારણે તલાટી-કમ-મંત્રીઓ પર કામનું ભારણ સતત વધી રહ્યું છે અને પંચાયત તેમજ ગ્રામ વિકાસની મૂળભૂત કામગીરી પ્રભાવિત થઈ રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. મંડળે વધુમાં જણાવ્યું છે કે ગુજરાત રાજ્ય તલાટી-કમ-મંત્રી મહામંડળ દ્વારા પણ આ મુદ્દે સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. સરકાર દ્વારા આ બાબતે સમિતિની રચના કરવામાં આવી હોવા છતાં હજુ સુધી તલાટી-કમ-મંત્રીઓને મહેસૂલી કામગીરીમાંથી મુક્તિ અંગે કોઈ સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો નથી.ગુજરાત રાજ્ય તલાટી-કમ-મંત્રી મહામંડળના તા. 2 જુલાઈ, 2026ના આદેશના અનુસંધાનમાં ડાંગ જિલ્લા તલાટી-કમ-મંત્રી મંડળે જિલ્લા વહીવટીતંત્રને આ આવેદનપત્ર આપી પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયની તમામ મહેસૂલી કામગીરી સહતરની અસરથી બંધ કરાવવા જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડીમાં સંસ્કૃત પાઠશાળામાં નવા ઋષિકુમારોને પ્રવેશ અપાયો




પારડી: સ્વાધ્યાય મંડળ સંચાલિત શ્રી બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય પારડી ખાતે નવા શૈક્ષણિક વર્ષના વિદ્યાર્થીઓના સ્વાગત માટે 14મો પ્રવેશોત્સવ સાતવળેકર સમાજગૃહ, સ્વાધ્યાય મંડળ પારડી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજેશ્રી ટંડેલ ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ અતિથિ તરીકે એડવાન્સ કુલિંગ ટાવર પ્રા.લિ.ના અધ્યક્ષ ત્રિલોક મિસ્ત્રી, વાપીના ઉદ્યોગપતિ પાર્થિવ મહેતા, ટ્રસ્ટી રાજેશ રાણા, ડો. પી.વી. ઠોસર, નિયામક ભાવેશભાઈ જોષી, પાર્થ ભટ્ટ હાજર રહ્યાં હતા. દર વર્ષે નવા ઋષિકુમારોને પ્રવેશ આપવામાં આવે છે. વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃતિમાં પણ ઋષિકુમારો ઉજળો દેખાવ કરે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેહુલભાઈ મેહતાએ કર્યું હતું.

### ખેરગામ ખાતે ઓઇલ પામની વૈજ્ઞાનિક ખેતી અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો



ખેરગામ: ખેરગામ તાલુકાના આછવણી ખાતે આધુનિક ઓઈલપામ ખેતી વિષય ઉપર એક દિવસીય ખેડૂત તાલીમ-શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન નાયબ બાગાયત નિયામક દ્વારા ઓઇલ પામ પાકનું મહત્ત્વ, યોગ્ય જમીન અને હવામાનની પસંદગી, ગુણવત્તાયુક્ત રોપાઓનું વાવેતર, ખાતર અને સિંચાઈ વ્યવસ્થાપન, જીવાત-રોગ નિયંત્રણ, પાકની જાળવણી તેમજ ઉત્પાદન, સમયસર કાપણીની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને માર્કેટિંગ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. છેલ્લા ૧૦ વર્ષથી બે હેક્ટર જમીનમાં ઓઈલપામ ની ખેતી કરતા અને ગત વર્ષે ૩.૬ લાખથી વધુની આવક લેનાર ખેડૂત અનિલભાઈ પરમારે વિસ્તૃત જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં બાગાયત વિભાગના અધિકારીઓ તથા ખેરગામ તાલુકાના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### ડાંગમાં ભારે વરસાદની આગાહીના પગલે SDRFની ટીમ તૈનાત




સાપુતારા: ડાંગ જિલ્લામાં સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF) ની એક ટીમ તૈનાત કરવામાં આવી છે. ભારે વરસાદ દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના સર્જાય તે હેતુસર કુલ ૨૭ જવાનની SDRF ટીમને જરૂરી શોધ અને બચાવ સાધનસામગ્રી સાથે આહવા તાલુકા સ્થિત ખેતી તાલીમ ભવન ખાતે મુકવામાં આવી છે. હાલના વરસાદી માહોલને ધ્યાને લઇ જિલ્લા વહીવટી તંત્રએ તમામ નાગરિકોને જિલ્લા વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા તેમજ અફવાઓથી દૂર રહી સત્તાવાર માહિતીનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

### પારડી ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની 125મી જન્મ જયંતીએ કાર્યક્રમ યોજાયો




પારડી: ભારતીય જનસંઘના સ્થાપક અને પ્રખર રાષ્ટ્રભક્ત ડો. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે વલસાડ જિલ્લા ભાજપ દ્વારા 'કાર્યકર્તા સંમેલન'નું આયોજન પારડી ખાતે કરાયું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાની આગેવાની હેઠળ આયોજિત કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પ્રદેશના અગ્રણી ડો. જગદીશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા અને શિલ્પેશ દેસાઈએ પણ ડો. શ્યામાપ્રસાદ મુખરજીના દેશની અખંડિતતા માટેના તેમના યોગદાન અંગે ઉપસ્થિત કાર્યકર્તાઓને વિગતવાર માહિતગાર કર્યા હતા. સંમેલનમાં પ્રદેશ ઉપપ્રમુખ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઇ ચૌધરી, પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી, જિલ્લા મહામંત્રી કમલેશ પટેલ, પ્રદેશ યુવા મોરચા કોષાઅધ્યક્ષ ધ્રુવીન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### ડાંગનાં પ્રવાસન સ્થળો પરના જળાશયોમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ

સાપુતારા: અઘટિત ઘટના ન બને તે માટે ડાંગ જિલ્લાના જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ કોઈ પણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે ડાંગના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. ભયજનક સ્થળોએ કોઈ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં પ્રવેશે નહીં તે તા.૨૨ જુલાઈ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક પગલાં લેવાશે.

### ખેરગામના યુવકની ઓડિશા AIIMSમાં 'નર્સિંગ ઓફિસર' તરીકે પસંદગી




બીલીમોરા: ગણદેવી તાલુકાના ખેરગામના એક ગરીબ પરિવારના યુવાન શૈલેષકુમાર વિજયભાઈ નાયકાની ભુવનેશ્વર (ઓડિશા) AIIMS માં નર્સિંગ ઓફિસર (Class-2) તરીકે પસંદગી થઈ છે. તેમણે પ્રથમ પ્રયત્ને જ NORCET ની પરીક્ષા પાસ કરી આ સફળતા મેળવી છે. તેમની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ વડસાંગળ પ્રાથમિક શાળાના આચાર્ય ચંદ્રકાંતભાઈ પટેલ, ખેરગામના સરપંચ પરેશભાઈ, વડસાંગળના સરપંચ રશ્મીબેન, તાલુકા પંચાયતના સભ્ય મનોજભાઈ પટેલ અને સર્વોદય સેવા મંડળના હોદ્દેદારો મેહુલભાઈ, પીયૂષભાઈ, તુષારભાઈ, આશીષ ભાઈ, ભીખુભાઇ, મોરારકાકા, શાળા પરીવાર સહિત સમગ્ર પંથક તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.